સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

'અમને કૂચલ્યાં કોણે?' ફૂટપાથ-વાસી પૂછે છે!
- 'તો અમને વિંધ્યાં છે કોણે?' એમ ચિંકારા પૂછે!
પૂછે છે ન્યાયને, અમારી કિંમત કરોડ!!
'શું, કેમ કર્યું મેનેજ!' ઓડીવાળા સલમાનને પૂછે છે!!
(સમરથ કો દોષ નહીં ગુંસાઈ!)

હાઈકુ

પોલીસ - ન્યાય,
બંને અબજોપતિ -
દોરે ત્યાં જાય...

ધનિકો તાલે,
હવે તો કાયદાઓ -
કરે તાંડવ...

ચિંતન

નાસ્તિ સત્યાત્પરં તપઃ

આ શ્લોક ચાણક્ય નીતિમાંથી લેવાયેલ છે.

સત્યથી ચડિયાતું તપ નથી.

પ્રામાણિકતા, પરિશ્રમ અને સૌના ભલામાં પોતાનું ભલું સમજવું એ જ સત્ય છે, અને એ જ સૌથી મોટી તપસ્યા છે. જે મનુષ્ય એમ કરે છે એ સૌથી મોટો તપસ્વી ગણાય છે.

ઈશ્વર-ધર્મ-ક્યાં છે? કેવો છે? આ પ્રશ્નનો એક જ સચોટ-જવાબ છે - સત્ય.

'આચરણ'- વાણી-વર્તનમાં 'સત્ય' એ જ સાચો ધર્મ છે. બધી બાબતોમાં ન્યાયી વિચાર ને 'વિવેક' કહેવામાં આવે છે. આવો વિવેક અભ્યાસ-વાંચન અને સ્વાધ્યાયથી આવે છે.

વિવેક દ્વારા જ 'સત્ય'નું આચરણ થાય છે. સત્ય જ જીવનધર્મ છે. એ માર્ગ પર ચાલવું ખૂબ કઠિન છે. તેથી સત્યાચરણને સૌથી મોટું- શ્રેષ્ઠ - ચડિયાતું - 'તપ' કહેવામાં આવ્યું છે.

સુવિચાર

- સુંદરતા મનની રાખો, ફેસવોશથી મોઢા ચમકે દિલ નહીં - **નવનીત**
- દુનિયાની એક ગેરસમજ... જયારે નસીબ ચાલે છે,
  ત્યારે કોઈને ભ્રમ થઈ જાય છે કે તેનું દિમાગ ચાલે છે - **ચિત્રલેખા**
- કોઈ પણ ભાષા, કોઈ પણ શબ્દ, આત્માને સ્પર્શવો જોઈએ,
  કોઈ પણ રુપે કરું હું કિર્તન, અંતે તો ઈશ્વર મળવો જોઈએ - **એસ. ભટ્ટાચાર્ય**
- દુનિયા કા બેહદ મુશ્કિલ કામ... 'અપનોં' મેં સે 'અપનોં' કો ખોજના...! - **એસ.એમ.એસ.**
- પ્રભુનો આભાર માનવાની ટેવ પાડી જુઓ, જીવનનો ઘણો ભાર હળવે થઈ જશે - **દીપક ચોપડા**
- જે ગઈકાલ માટે 'રડે' નહીં, આવતીકાલ માટે 'ડરે' નહીં, તે જિંદગીમાં કયારેય પાછો પડે નહીં -
  જીવનસૂત્ર
- આજનું ઔષધ : ચમેલીના પાન ચાવીને ખાવાથી મુખના અલ્સર મટે છે.

(દીપક વી. આસરા)

બોધકથા

આજકાલ વકીલો, જીવતા માણસોને કચડી નાખનાર પશુ-પંખીના શિકારીને, ખૂનીઓને તો સાબિતી-પુરાવાના અભાવે નિર્દોષ છોડાવી લે છે. સાથે સાથે લોકોનો સાચા નિર્દોષ ન્યાય પરથી પણ ભરોસો ભાંગતો જાય છે.

અલ્ફાન્સસ ઈટાલીના મોટા પ્રખ્યાત બાહોશ વકીલ હતા. તર્ક-બદ્ધ દલીલો અને વિનયી વાણીથી કોઈ પણ આરોપીને નિર્દોષ છોડાવી શકતા.

એકવાર એક ખૂનીને બચાવવા દલીલો કરતા હતા. ખૂનીએ એક સત્ય અલ્ફાન્સીસથી પણ છૂપાવ્યું હતું.

વિરોધ પક્ષના વકીલે એ 'સત્ય' શોધી ન્યાયાધીશ પાસે પૂરાવા સાથે રજૂ કર્યું. અને કહ્યું આ સત્ય અને પૂરવા જાણ્યા પછી બાહોશ વકીલ મહોદયથી અલ્ફાન્સીસનો આત્મા જાગી જવો જોઈએ કે એ કેવા 'ખૂની'નો બચાવ કરે છે!

- અને અલ્ફાન્સીસનો આત્મા ખરેખર જાગી ગયો - ઝબ્બો ઉતારી જજને કહ્યું, આજ સુધી મેં ઘણાં દોષિતોને છોડાવી અનૈતિક કામ કર્યું છે હવે હું વકીલાત છોડું છું.

પાછળથી અલ્ફાન્સીસ ઈટાલીના પ્રખ્યાત સંત તરીકે પૂજ્ય સ્થાને રહ્યા.

નવા સુકાની : વિજયલક્ષી વ્યૂહરચના

તંત્રીસ્થાનેથી...

આનંદીબેન પટેલને ઉંમરના મુદ્દે નિવૃત્ત કરી દઈ ગુજરાતનું શાસન પ્રમાણમાં યુવાન હાથોમાં સોંપવાનો ભાજપના કેન્દ્રીય નેતૃત્ત્વનો નિર્ણય રાજકીય વ્યૂહરચનાની દૃષ્ટિએ ઉચિત લેખી શકાય, પરંતુ એ પછી નવા કર્ણધારની પસંદગીની પ્રક્રિયા દરમિયાન સ્થાનિક નેતાગીરી અને રાષ્ટ્રીય અધ્યક્ષ વચ્ચે જે મતભેદ ઊપસી આવ્યા, એથી પાર્ટીની ઈમેજને જરુર ઘસારો પહોંચ્યો છે. શિસ્તબદ્ધ ગણાતી પાર્ટીમાં અદલ કોંગ્રેસ જેવી જ જૂથબંધી પ્રવર્તી રહી હોય એવો દેખાવ સરજાયો છે. છેલ્લાં તબક્કામાં નરેન્દ્ર મોદી તેમ જ આનંદીબેન - બેઉના મંત્રી નીતિન પટેલનું નામ સર્વસંમતિથી ભાવિ મુખ્યમંત્રી તરીકે ઊપસી રહ્યું હતું અને એની મીડિયામાં ચર્ચા ઉપરાંત ઈન્ટરવ્યુ સુધ્ધાં આવી ગયાં હતા. ઓચિંતો જ રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહનો 'વીટો' જાહેર થતાં જેમણે મેદાન છોડી દીધાની જાહેરાત કરી દીધી હતી તેવા પ્રદેશ ભાજપ અધ્યક્ષ વિજય રૂપાણીના નામ પર કિસ્મત રૂપી હાથણીએ કળશ ઢોળ્યો હોય એવી નાટકીય પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. જો કે રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની આ પસંદગી પાછળ એમની રાજકીય દૂરંદેશી જ કામ કરી ગઈ છે. વિજય રૂપાણી પાસે આનંદીબેનના મંત્રીમંડળમાં માત્ર ટૂંકા ગાળાની કામગીરીનો અનુભવ છે, પરંતુ સંઘ સાથે એમનો જૂનો સંબંધ છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના હોદ્દેદારથી શરુ કરી પ્રદેશ પ્રમુખ સુધીની વિવિધ સંગઠનલક્ષી કામગીરી ઉપરાંત અનેકવિધ બોર્ડ-કોર્પોરેશનો અને સરકારી પ્રકલ્પોનું સંચાલન કરવાનો વ્યાપક અનુભવ ધરાવતા વિજય રુપાણીના નામમાં જ 'વિજય' શબ્દ છે. ભાજપ ૨૦૧૭ની ગુજરાતની ચૂંટણીમાં યેનકેન પ્રકારેણ વિજયી બનવા માગે છે. પાટીદાર અને દલિત સમાજના આંદોલનથી હચમચી ગયેલા શાસક પાર્ટીને ફરી વાર સત્તામાં લાવવા માટે સૌરાષ્ટ્રનો મુખ્યમંત્રી હોય અને તે પણ બધી જ્ઞાતિઓને સાથે રાખી શકે એવો - તે ખૂબ જરુરી હતું. જૈન સમાજમાંથી આવતા વિજય રૂપાણી સામે ક્ષત્રિય-પાટીદાર સહિત કોઈ જ જ્ઞાતિ સમુદાયને ભાગ્યે જ કશો વાંધો હોઈ શકે. નીતિન પટેલની પસંદગી નાયબ મુખ્યમંત્રી તરીકે કરીને આખરે તો એમને 'નંબર ટુ' જ રખાયા છે, પરંતુ સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને પાટીદાર ફેકટરનું સમીકરણ સાચવવાની તકેદારી જરુર રખાઈ છે. મંત્રીમંડળમાં પણ નવું લોહી ઉમેરાશે તે વિચક્ષણ રાજપુરુષ અમિત સાહની જ પસંદગીનું હશે. આખરે ૨૦૧૭ની ચૂંટણી જીતવાની છેલ્લી જવાબદારી તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમના વિશ્વાસુ સાથી - અમિત શાહના ઈશારે જ થોપેલી છે. જો ગણતરીપૂર્વક ડેમેજ કંટ્રોલ કરવામાં આવે તો રૂપાણી-પટેલની ટીમ અમિત શાહના માર્ગદર્શન હેઠળ પરિણામ લાવી શકે એમ છે. રૂપાણીના શિરે મુગટ મુકાતાં નવા પ્રદેશ અધ્યપદે પણ કોઈ નવાં પ્રદેશ અધ્યક્ષ પદે પણ કોઈ સક્ષમ અગ્રણીનું નામ આવશે, જે ફરી પાછું પડદા પાછળના મુખ્યમંત્રી અમિત શાહની જ પસંદગીનું હશે અને ૨૦૧૭ની ચૂંટણીને અનુલક્ષીને કરાઈ રહેલી વ્યૂહરચનાનો જ ભાગ હશે.

સાપની કાંચળી - વિશિષ્ટતા અને મહત્ત્વ

સાપની કાંચળી એટલે શું? એવો પ્રશ્ન સહુપ્રથમ ઉદ્‌ભવે. સાપ કાંચળી ઉતારે તેવું કહીએ તો કેટલાક લોકો સમજી ન શકે. સાપને કાંચળી ઉતારતાં ઘણાં ઓછા લોકોએ જોયો હશે.

ઘણીવાર વેરાન કે વન વિસ્તારમાં ભ્રમણ કરવા માટે નીકળ્યા હોઈએ ત્યારે રસ્તામાં પારદર્શક, સફેદ રંગની, જાળીદાર, લાંબી, ભૂંગળા જેવી સાપની ચામડીનો ઉપરનો ભાગ એટલે કે કાંચળી જોવા મળે છે.

સાપ સરિસૃપ વર્ગનું પ્રાણી છે. આવા વર્ગના પ્રાણીઓની મુખ્ય ખાસિયતો પૈકીની એક છે તેમની ભીંગડા (Scale) યુક્ત ત્વચા. ભીંગડા અધિચર્મીય છે એટલે કે ચામડીની ઉપરનું સંરક્ષણાત્મક આવરણ છ. આવી ત્વચા સુકી રહે છે અને સાપની જેમ જેમ તેની વૃદ્ધિ થતી જાય તેમ તેમ તેને ઉતારે છે જેને નિર્મોચન (Moulting) કહેવામાં આવે છે. અંગ્રેજીમાં તેને શેડીંગ (Shedding) પણ કહે છે.

જન્મ બાદ નાના કદના, ઓછી લંબાઈના સાપના બચ્ચા ઝડપથી મોટા થતાં રહે છે અને તે કારણે માથી પૂંચડી સુધી કાંચળીનું આવરણ તેને તે અનુસાર વારેવારે ઉતારતાં રહેવું પડે છે. સાપ પુખ્ય થતો જાય તેમ તેમ તેની વૃદ્ધિ / લંબાઈ વધારવાનું ધીમું પડે છે અને પરિણામે સાપનું કાંચળી ઉતારવાનું ઘટે છે. કાંચળી ઉતારવા સમયે સાપની આંખો પર જૂની ચામડી દુધિયા રંગની થયેલી આછી પડેલી જોવા મળે છે. કાંચળી ઉતાર્યા બાદ આંખો અને આખું શરીર ચમકતું તરોતાજા દેખાવા લાગે છે. સાપની ઉતારેલી કાંચળીની લંબાઈ તે જે સાપની હોય તેની લંબાઈ કરતાં વધુ હોય છે. પરિસરતંત્રમાં પોષણના સ્તરોના પિરામીડમાં સાપ ભક્ષક અન ભક્ષ્ય એમ બે રોલ ભજવતાં હોય છે.

આ બધામાં સાપની કાંચળી પર પરિસરતંત્રમાં કેલ્શિયમ અને ફોસ્ફરસ જેવા રાસાયણિક તત્ત્વોના ચક્રનો એક મહત્ત્વનો ભાગ બને છે. સાપની કાંચળીમાં કેરોટીન, લીપીડ (ચરબી) અને અન્ય તત્ત્વો હોય છે. સાપની કાંચળી પર કેટલીક જાતના ફંગી અને અસંખ્ય સૂક્ષ્મજીવો નભે છે. ખુલ્લા વિસ્તારમાં સાપની કાંચળીનું એકાદ અઠવાડિયામાં વિઘટન થઈ જાય છે અને તેમાં રહેલાં તત્ત્વો જમીનમાં ભળી જાય છે.

એક અભ્યાસ પ્રમાણે સમગ્ર અમેરિકા ખંડમાં પ્રતિવર્ષ ૧.૬ અબજ પાઉન્ડ વજન જેટલી કાંચળી ઊતરે છે. અને તેમાં ૩.૬ (ટ્રીલીયન) કેલરી ઉર્જા હોય છે. આમ તેમાંથી પેદા થતું જૈવભાર તથા ઉર્જા પરિસર તંત્રમાં જળ, જમીન અને હવા મારફતે વનસ્પતિ, પ્રાણીઓ અને સૂક્ષ્મજીવો સુધી આડકતરી રીતે પહોંચે છે. આ રીતે એક સ્વસ્થ પરિસર તંત્ર ટકી રહે છે.

પૃથ્વીના ઘણાં વિસ્તારોમાં ઘણી મોટી સંખ્યામાં સાપ જોવા મળે છે. શેડાઓ નામના ચીનના એક ટાપુ પર ૧ હેકટર જમીન પર ૨૭૫ વાઈપર સાપ જોવા મળે છે. જયારે કાનસાસ, યુનાઈટેડ સ્ટેટ ખાતે એક હેકટરે ૧૦૦૦ જેટલા રીંગ નેક સાપ જોવા મળે છે. આમ તો, પૃથ્વી પરના જુદા-જુદા વિસ્તારોમાં તેમની ઘનતા કે સંખ્યાં વધઘટ હોય છે તેમ છતાં તેમનું સ્થાનિક પરિસરતંત્રમાં અગત્યનું સ્થાન નકારી શકાય નહિ.

કેલીફોર્નિયાની ભૂમિ ખિસકોલીના મુખ્ય શત્રુ રેટલ સાપ છે. આ સાપથી બચવા આ ખિસકોલી સાપની કાંચળીને ચાવીને તેના રસને પોતાના શરીર પર ચોપડે છે. સાપની કાચળીમાં રહેલ ગંધ અન્ય સાપને ભ્રમમાં નાંખી દે છે અને ખિસકોલીને સાપ સમજી શોધવામાં થાય ખાઈ જાય છે. તે જ રીતે પક્ષીઓ ભલે સુંઘી ન શકતા હોય પરંતુ કેટલાક પક્ષીઓ તેમના માળામાં ઈંડા મૂક્યા હોય તો તેની સાથે સાથે સાપની કાંચળી શોધી લાવીને માળામાં મુકે છે. તેથી સાપની કાંચળીમાં રહેલી ગંધથી પક્ષીના ઈંડા ખાતા સાપ દૂર રહે છે અને પછીના ઈંડા બચી જાય છે. ઉડતી ખિસકોલી પણ પક્ષીના ઈંડા ખાઈ જતી હોય છે. તેનાથી બચવા માટે પણ પક્ષીઓ સાપની કાંચળી માળામાં ગોઠવે છે. કારણ કે સાપ ઉડતી ખિસકોલીનો શત્રુ છે તેથી ઉડતી ખિસકોલી ભય પામીને ઈંડા ખાવાનું જોખમ લેતી નથી.

વનસૃષ્ટિનો પરિચય
હેમંત સુથાર

સાપની કાંચળી માનવીય ત્વચાના કોષોમાં દવાના પ્રસરણને સમજવાના પ્રયોગોમાં પણ ઉપયોગમાં લેવાય છે. સાપની કાંચળીના સુંદર દેખાવને કારણે ઘણાં તેને ઘરમાં રાખે છે. ઉપરાંત કેટલાક લોકો ઘરેણાં પણ બનાવે છે. ઈડર પાસેના એક જૈન ઉપાશ્રયમાં સાપની કાંચળીને કાચની પેટીમાં વર્ષોથી મઢીને યાદરુપે જાળવી રાખવામાં આવેલ છે.

આમ, કુદરતમાં કશું જ વેસ્ટ (નકામું) ગણાતું નથી ભલેને તે પછી હગાર, છાણ કે હાડકાં કે પછી સાપની ઉતારેલી કાંચળી જ કેમ ન હોય?

નૃત્ય, અભિનય, ડાયલોગ્સ + વાર્તા શિબિર = મધુ રાય

'જીનલ, તું ઉભી થા,

સામેના દરવાજાથી અહીં સુધી ડાન્સ કરતી કરતી આવ.'

બધા શિબિરાર્થીઓના ચહેરા પર કૌતુક અને આશ્ચર્ય ઉભરાયા

'અરે આ વાર્તા શિબિર છે કે ડાન્સ ક્લાસ ?' કોઇક મનમાં બોલ્યું પણ હશે.

જીનલ આમેય શરમાળ સ્વભાવની અને આટલા બધાની વચ્ચે ડાન્સ કરવાનો પ્રસંગ પણ પહેલી વખત આવેલો. 'હવે શું કરવું?' 'ના' કહે તો સંચાલક ગુસ્સે થઇને શિબિરમાંથી કદાચ કાઢી મૂકે તો ? '

પાછળ બેઠેલી એની નાની બહેન 'પાયલ' પણ ચિંતામાં હતી કે હવે જીનલનું શું થશે ?'

ના છૂટકે જીનલ ઉભી થઇ

મેં એની શરમ સંકોચ ઓછો કરવા કહ્યું 'ડાન્સ નહી તો ગરબા પણ લઇ શકે છે'

અને તે દરવાજાથી છેક આગળ સુધી ગરબાના સ્ટેપ ભરતી ભરતી આવી.

સૌ ખુબ હસ્યા, બધાને મજા પડી ગઇ

જીનલને કદાચ નહી ગમ્યું હોય,

મારા મનમાં સંચાલકશ્રી પ્રત્યેના થોડા નેગેટિવ વિચારો શરું થઇ ગયેલા કે આ બધું શું થઇ રહ્યું છે ?

'કામિની, તું ઉભી થા, ત્યાંથી અહીં સુધી ડાન્સ કરતી કરતી આવ.'

'રાધિકા, તું ઉભી થા...

'પાયલ, તું ઉભી થા...

એક પછી એક સૌ પોતપોતાની જુદી જુદી સ્ટાઇલમાં વિવિધ દેહ વળાંકો લઇને નૃત્યની મુદ્રામાં આગળ આવતા.

'સર, હું ડાન્સ કરું ?'એક ખુબ ઉત્સાહી નવોદિત યુવાન બોલ્યો,

સંચાલકે 'હા' કહી દશરથ નામનો યુવાન આખો સાપ ગળી ગયો હોય અને શરીર જે રીતે ઝટકા મારે તેમ સર્પનૃત્ય કરતો કરતો આગળ આવ્યો.

હોલમાં બેઠેલા કડક સંચાલક સહિત સૌ કોઇ હસીને બેવડ વળી ગયા. સંચાલકની કડક અને તીખી નજર ધર્મેન્દ્ર ત્રિવેદી પર પડી. હવે આ મહાશયનો વારો હતો.

હવે ધર્મેન્દ્ર ત્રિવેદી મૂળ કાઠિયાવાડી, ગાંધીનગરમાં મોટા મોટા ઝેરી સાપો પણ પકડે અને વળી ભરાવદાર,તાજા ચહેરા ઉપર પથરાયેલી શ્વેત-શ્યામ વળ ચડાવેલી મૂંછો કોઇને પણ ડરાવવા માટે પૂરતી હતી.

'સંચાલકને પછી જોઇ લઇશ' એવું મનમાં નક્કી કરીને આ મહાશય તો ઉભા થયા,

હવે એમણે મોટે ભાગે સાપોને નૃત્યાકારે ભાગતા જોયેલા અને વળી ક્યારેય નૃત્ય કરેલું નહી – હા કદી કોઇને નૃત્ય કરાવેલું હશે. એવું એમને જોતા લાગે ખરું.

ઘડીક તો મને પણ ચિંતા થઇ કે હવે સંચાલકનું શું થશે ?

પણ ધર્મેન્દ્ર ત્રિવેદીએ કદાચ જીવનમાં પહેલી વખત પોતાના જ સીધા સટ્ટ શરીરને આડા અવળા વળાંકો આપી નૃત્ય કરીને સૌને હસાવ્યા. વચ્ચે વચ્ચે ઉમેશ દુગ્ગલ નામના એક નવોદિત વૃધ્ધ આઇટમ વાર્તાકાર પોતાના પાંચ હજાર વર્ષના કેલેંડર સૌને આપવાની ઉતાવળ અને વેતરણમાં પ્રવૃત હતા પણ હું એમને આંખોના ઇશારાથી શાંત રાખવામાં સફળ થયેલો.

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

અને પછી આરંભાયું સંચાલક તરફથી વાર્તાતત્વની શૈલી, વળાંકો પરનું શાબ્દિક અભિયાન,'મેં પ્રત્યેક વ્યક્તિને 'નાચવાનું' જ કહ્યું હતું છતાંય જુદી જુદી રીતે નાચ્યા, બસ વાર્તા આમ જ ચાલે છે તમે હંમેશાં પોતાની રીતે જ ચાલો છો, હસો છો, બોલો છો, નાચો છો, તો પછી વાર્તા પણ પોતાની જ બનવી જોઇએ, અગાઉ લખાઇ ગયું હોય એવું વાંચી વાંચીને મારા મગજની નશો ખેચાય છે, એવું ના લખો.'

આમ તો હું મધુ રાયને સ્કૂલમાં અભ્યાસ કરતો ત્યારથી એમની વાર્તાઓ ભણતો અને નામ જાણતો, કૉલેજ-યુનિવર્સિટીમાં એ નામ વિસ્ફોટક રીતે મારી સામે આવેલું. આખા યુગ પર – આખી ભાષા ઉપર જેમનો પ્રભાવ હોય એવા બહું ઓછા સર્જકો આપણને મળ્યા છે આ મધુ રાય એમાંના એક છે એ વાત હું સારી રીતે જાણતો હતો. વળી 'મમતા' ના પ્રાગટ્ય પર્વથી અમારી અવાર નવાર થયેલી મુલાકાતો અને એમના આંતરિક વ્યક્તિત્વનો થયેલો પરિચય મારી પાસે હતો. ચહેરા ઉપરની ખુબ જ કડક રેખાઓ અને અવાજમાં ગૂંજતી ખરંજને કારણે આર્મી ઓફિસર જ લાગે, નિયમ, શિસ્ત અને સમયના પાક્કા આગ્રહી આ મધુ રાય અહીં નવોદિત વાર્તા શિબિરના સંચાલક પણ હતા તે સૌ માટે ગર્વની વાત હતી.

અનુસંધાન પાના નં. ૭ પર

કોઈ ગીલા ના કોઈ શિકવા રખના, દોસ્તી કા જો સીલસીલા રખના...!!!

'ઓ હેલ્લો...દોસ્તીમે નો સોરી, નો થેન્કયુ...' હિન્દી ફીલ્મના આ પ્રચલિત ડાયલોગમાં દોસ્તીની આખી વ્યાખ્યા આવી ગઈ બીડુ..! દોસ્તીમાં તો વળી શેની સોરી ને શેનું થેન્કયુ હે..? અને જો દોસ્તી સાચી ને અતુટ હોય તો કહી જોજો ક્યારેક સોરી ને થેન્કયુ...એની જાત્તને ઓક્સફોર્ડ ડીક્ષનરીમાં પણ ના હોય એવી અવનવી સરસ્વતી સાંભળવા મળશે. આ અવનવી સરસ્વતીની આગળ કે પાછળ ફક્ત આટલું જ લગાડશે..' આય્વું મોટું થેન્કયુ વાળું...! 'કે પછી ' તારી સોરી રાખ્ખ તારા ખિસ્સામાં...હું હ્યમ્જો...!!! '' વાત પણ સો ટચના સોના જેવી જ છે ને ? દોસ્તનું તો કામ જ એ કે દોસ્તની મુશ્કેલી હળવી કરે કે પછી એને એ મુશ્કેલીમાંથી બહાર કાઢે. બહાર કાઢે નહિ તો પણ સાચો દોસ્ત એ મુશ્કેલીને હલ કરવાનો દિલોજાનથી પ્રયત્ન તો કરે જ..!!! દિલોજાનથી આ શબ્દ લીટરલી સાચી દોસ્તીને લાગુ પડે છે. એક સાચો દોસ્ત બીજા દોસ્ત માટે દિલ તો લગાવી જ ચુક્યો હોય છે પણ ખરે સમયે જાન લગાવતા પણ પાછો ના જ પડે..!!! તો પછી આ સોરી ને થેન્કયુ જેવા શબ્દો તો ફોર્માલીટી જ થઈ ને...? અને દોસ્તીમાં ફોર્માલીટીને સ્થાન ક્યાં ? દોસ્તી તો ખળખળ વહેતા ઝરણા જેવી હોવાની એમાં આવી ફોર્માલીટી જેવા પથ્થરોનું સ્થાન ના હોય.

આજે ઓગષ્ટનો પહેલો સન્ડે...એટલે ફ્રેન્ડશીપ ડે...યાની કી દોસ્તી દિવસ...!! અંગ્રેજી કલ્ચરની સાથે સાથે આપણને જે કાઈ આવા ડે ઉજવવાના ફતુર ભેટમાં મળ્યા છે એનો એક નમુનો એ આ ફ્રેન્ડશીપ ડે...!! અને એમાયે આ ફ્રેન્ડશીપ ડે ની તો ઉજવણી શરુ કરનાર જ ગ્રીટિંગ કાર્ડ કમ્પની છે એટલે નો ઓફેન્સ...!!! જો કે દોસ્તીને ક્યાં કોઈ ખાસ દિવસ લાગુ પડે છે. અને અંગ્રેજો ભલે ને ડે – ફે આપી ગયા હોય પણ આપણી એકની જ નહિ પણ વિશ્વની લગભગ દરેક સભ્યતા અને સંસ્કૃતિમાં દોસ્તીની ગાથાઓ અને ગુણગાનો સદીઓથી ગવાતા આવ્યા છે અને સાથે સાથે એ પણ કન્ફર્મ છે કે દોસ્તીને કોઈ દિવસ નથી હોતો... દોસ્તી કોઈ બેલ્ટ ની મોહતાજ નથી... દોસ્તીને કોઈ ફેસબુક સ્ટેટ્સ ની જરૂર નથી....!!! ઈવન ધો આજે દોસ્તો હરખની હેલીએ ચડશે...ફેસ્બુકો, ટ્વીટરો કે છાપા – મેગેજીનો અને ટીવીના ટચુકડા પડદાઓ દોસ્તી અમર રહો ના નારાઓથી ગુંજવા માંડશે. અને ગુંજવા પણ જોઈએ...!! તમને કોઈ ગમે છે કે તમને કોઈના પ્રત્યે આભાર ની લાગણી છે એ બતાવવામાં ખોટું શું છે ? અને એ બતાવવું જરૂરી પણ છે. એટલે કોઈ સારી વસ્તુ – પ્રસંગ કે ઘટના કે સંબંધના આનંદનો ઓચ્છવ થાય એમાં રાજી થવા જેવું છે નહિ કે વિરોધ કરવા જેવું. રહી વાત અતિરેકની તો ભાઈ મારા કોઈ બી ધર્મ કે સોસાયટીનો એક એવો ઉત્સવ બતાવો જેમાં ઉત્સાહ કે આનંદનો અતિરેક થતો ના હોય? ચાલ્યા કરે..આપણે હાર્દને પકડો ને...!!!

બ્રિટીશ લેખક સેમ્યુલ બટલરનું એક ફેન્ટાસ્ટીક ક્વોટ છે આ દોસ્ત અને દોસ્તી ઉપર. મુલાઈજા ફર્માઈએ. બટલર લખે છે કે ''દોસ્તી પૈસા જેવી છે. જેમ પૈસા બનાવવા આસન છે પણ એને સાચવી રાખવા કે એમાં વૃદ્ધિ કરવી કઠીન છે બિલકુલ એવી જ રીતે દોસ્તી બનાવવી આસન છે પણ એને ટકાવી, સાચવવી કે મહેકતી રાખવી અઘરું કામ છે...'' વાતમાં દમ તો છે જ. ભલે આ ક્વોટ વાંચીને અમુક એમ કહી બેસશે કે ના રે ભાય, આજકાલ તો દોસ્તી બનાવવી પણ અઘરી નથી કે સાચવવી પણ અઘરી નથી. સોસીયલ મીડિયાના ખભ્ભે બંધુક રાખીને જો આ વાક્ય ફોડાયું હોય તો આપણી હાડી હત્તર મણની હા. આજકાલના એવર કનેક્ટેડ વર્લ્ડમાં દોસ્તો શોધવા જવા નથી પડતા એ તો ઈનબોક્ષ કે સ્ટેટ્સની લાઈક, કોમેન્ટમાંથી જ ફોલો કરતા કરતા મળી જાય છે. ' આપણો કે આપણી ભાઈબંધ છે ' આવું ગર્વથી કહી શકાય એટલું બધું કનેક્શન થતું રહેતું હોય છે. પણ ક્યા..? તો ક્યે ફેસબુક કે ટ્વીટર પર...!!! ૫૦૦૦ના મેજિક ફિગરે પહોચવાની હોડમાં સહુ ગુલતાન હોય ત્યારે પારખવું કે ઓળખવું એ તો બહુ દૂરની વાત થઈ. ચાલો વાત સારી છે કેમકે આખરે તો સવાલ દોસ્તીનો જ છે ને...? પણ બબુઆ એક્ચ્યુલ અને વર્ચ્યુલ દોસ્ત વચ્ચે કઈક તો ફરક રહેવાનો કે નહિ...? જો હજુય અવઢવમાં હોવ તો ફેસબુક કે આવી બીજી સાઈટો પર વાર-તહેવારે એકવારના જીગરી દોસ્તોના ઝગડાઓ વાંચી લેવા..!!! સાલું નવાઈ લાગે અચાનક શું થયું આ લોકો વચ્ચે ?

સંસ્કૃતમાં એક સરસ શુભાષિત છે જેનો અર્થ આવો કેક થાય છે ''સંપતી મિત્રો મેળવી આપે છે અને વિપત્તિ મિત્રોની પરીક્ષા કરે છે '' વાત સો ટકા સાચી છે પણ વ્યવહારુ નથી. ઘણીવાર એમ બને કે દોસ્ત ખરેખર બીજા દોસ્તને મદદ કરવા ઈચ્છતો હોય છતાં પણ સંજોગોવશાત કદાચ નથી કરી શકતો એવું બને પણ એનો મતલબ દોસ્ત ખોટો કે દોસ્તી ખોટી એવું ના હોય શકે. હા સંપતી મિત્રો મેળવી આપે એ સાચું પણ આ મૈત્રી મોટેભાગે તો મતલબી જ હોવાની. એક અમીરને ગરીબ સાથે દોસ્તી થઈ શકે છે, હોઈ શકે છે પણ બર્શર્ત કે દોસ્તી થઈ હોવી જોઈએ, કરેલી નહિ..!!! કન્ફયુસડ...? સી, આ દોસ્તી થવી અને દોસ્તી કરવી એ બંનેમાં એલીફન્ટ-હોર્સ જેટલો ફર્ક છે. માં-બાપ-કાકા – ભાઈ-બહેન ઈટીસી ઈટીસી જેવા સંબંધો એવા છે કે એ તમારા જન્મતા જ તમારી સાથે જોડાઈ જાય છે, એમ કહો ને કે તમારા જન્મના પેકેજમાં આ બધા રિલેશન્સ સામેલ હોય જ છે પણ દોસ્તી એક જ એવો સંબંધ છે જેના હોવા કે ના – હોવા પર સમ્પૂર્ણ અખ્તિયાર તમારો એકનો જ હોય છે. યસ્સસ્સસ્સ, દોસ્ત બનાવવા એ એકમાત્ર એવો અધિકાર છે કે જેનો ઉપયોગ તમે સમ્પૂર્ણ સ્વતંત્ર રીતે કરી શકો છો. યસ, આગળ લખ્યા એ સંબંધો અતુટ છે તમે ચાહો તો પણ તોડી ના શકો પણ દોસ્તી એક એવો સંબંધ છે જે ચૂઝ કરવો કે નહી, રાખવો કે નહિ એનો નિર્ણય લઈ શકો છો જ.

રઝળપાટ
અજય ઉપાધ્યાય

'મહાભારત' માં 'દ્રોણપર્વ' માં કહેવાયું છે કે ''સૈન્યનો નાશ થઈ જાય છતાંય, જો સાથ આપે એ જ મિત્ર છે. જ્યાં કોઈ અપેક્ષા ના હોઈ, આશા ન હોઈ છતાંય સાથ-સહકાર આપતો હોય, ખડા પગે હાજરા – હજુર રહે એ તો મિત્રતા છે'' સાહિત્ય અને સાંસ્કૃત જેટલી અઘરી વાતને બાજુ પર રાખીને નોંધવા જેવું એટલું જ છે કે ગમે તે સ્થિતિમાં, ઘટનામાં કે પરિસ્થિતમાં તમારી સાથે રહે એ મિત્ર..!!! શેરીમિત્રો, તાલીમીત્રો, ફેસબુકમીત્રો કે પછી હોદ્દામીત્રો અનેક હશે કે મળશે પણ આવા ખરે ટાણે ઉભા રહેનાર એમાંથી કેટલા એ તો એવી સ્થતિ આવે ત્યારે જ ખબર પડે.: હબોહબ વીંજાણી ને મારી આંખ વીંચાણી '' આવા મિત્રો પણ ત્યારે જ ઓળખાય. સી, આગળ કહ્યું એમ મિત્ર આપણે જ પસંદ કરીએ છીએ એટલે જો એ મિત્ર મિત્રતા નિભાવી ના જાણે તો એનો સઘળો દોષ આપણો જ છે નહિ કે એનો. એટલે જ એમ કહેવાય છે કે માણસને જિંદગીમાં એક જ સાચો મિત્ર મળે તો તે તેનું મોટું સદ??ભાગ્ય કહેવાય. જો કે દરેકને આવું સદ??ભાગ્ય ના મળે તેમ પણ બને તો એવી સ્થિતિ માટે મહાત્મા એમર્સન કહે છે તેમ 'તમે સાચો મિત્ર ના મેળવી શક્તો તો તેને દુર્ભાગ્ય ગણવાને બદલે તમે જાતે જ કોઈકના સાચા મિત્ર બનો ! તમે જ્યારે એક સાચા મિત્ર બનો છો ત્યારે તમને વહેલી કે મોડી સાચી મિત્રતા પ્રાપ્ત થયા વગર રહેતી નથી.' આપણી ગુજરાતીમાં પણ કહેવાયું જ છે ને કે 'મિત્રતા પામતા પહેલા મિત્ર બનતા શીખો.''

બાકી તો ફોનબુક કે ફેસબુકમાં રહેલા ૪૦૦૦ કે ૫૦૦૦ નામો એ તમારા કોન્ટેક્ટ છે, બને કે એમાંથી બે, ચાર કે બહુ બહુ તો દસેક દોસ્તો માંડ હશે અને આમેય કોઈએ સાચું જ કહ્યું છે કે ઇન્સાન એક જીંદગીમાં બહુ બહુ તો બે કે ચાર જ સાચા દોસ્તો બનાવી શકે. જીવનના જુદા જુદા તબક્કામાં બનેલા જુદા જુદા મિત્રો હોય શકે પણ પહેલેથી છેલ્લે સુધી સતત સાથે ચાલતા આવતા હોય એવા મિત્રો તો માંડ બે કે ચાર જ હોવાના. વાત કડવી